# આત્મનિર્ભરતા તરફ ગુજરાતઃ સાત પગલાં ખેડૂત કલ્યાણનાં

આર. સી. ફળદુ




‘હર હાથ કો કામ, હર ખેત કો પાની’ના દૃઢ સંકલ્પ સાથે ‘વાવણીથી વેચાણ સુધી’ એટલે કે ખેતરમાં વાવણીથી લઈને યોગ્ય ભાવ મળે તે હેતુથી બજારમાં વેચાણ સુધી ગુજરાત સરકાર રાજ્યના લાખો ખેડૂતોની પડખે ઊભી છે. કોરોના જેવી વૈશ્વિક મહામારી વચ્ચે પણ ડર્યા વિના સાવચેતી સાથે ગુજરાતના ખેડૂતોને વધુ આત્મનિર્ભર બનાવવા તરફ વધુ એક પહેલ કરીને ‘સાત પગલાં ખેડૂત કલ્યાણનાં’ અંતર્ગત વિવિધ સાત યોજનાઓ શરૂ કરી છે. ખેડૂતોને કૃષિપેદાશોના યોગ્ય ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારે છેલ્લાં ચાર વર્ષમાં ટેકાના ભાવે રૂ.૧૫,૦૦૦ કરોડથી વધુ રકમની કૃષિ ઉપજની ખરીદી તેમજ ચાલુ વર્ષે અતિવૃષ્ટિના કારણે પાક નુકસાનના વળતર પેટે ખેડૂતોને રૂ.૩૭૦૦ કરોડનું પેકેજ સહિત અનેકવિધ ખેડૂત કલ્યાણની યોજનાઓ અમલી બનાવીને સાચા અર્થમાં ખેડૂતોને સહાય કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના આત્મનિર્ભર ભારત મિશન અંતર્ગત ગુજરાત સરકારે રાજ્યના લાખો ખેડૂતો, ખેતમજૂરો અને નોંધાયેલા શેરી પાથરણાંવાળાને આત્મનિર્ભર બનાવવાનો નિર્ધાર કરીને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના હસ્તે તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ખેડૂત કલ્યાણનાં બે પગલાં મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અને કિસાન પરિવહન યોજના, તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ દેશી ગાય નિભાવ માટે સહાય અને પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત બનાવવા સાધન-કિટ સહાય અને તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ શેરી પાથરણાંવાળા અને ફળ-શાકભાજી વિક્રેતાઓને વિનામૂલ્યે છત્રી, સ્માર્ટ હેન્ડ ટૂલ્સ કિટ સહાય, જંગલી પ્રાણીઓથી પાક રક્ષણ માટે કાંટાળી વાડ બનાવવા સહાય એમ ‘સાત પગલાં ખેડૂત કલ્યાણનાં’ યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાત સરકારના રાજ્ય કૃષિ મંત્રી જયદ્રથસિંહ પરમાર અને કૃષિ સચિવ મનીષ ભારદ્વાજના સતત




પ્રયાસોના અંતર્ગત માત્ર ૧૭ દિવસના જ ટૂંકા સમયગાળામાં ખેડૂતોના કલ્યાણ માટેની અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ યોજના ખેડૂતોને અર્પણ કરી છે.

**મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના:**

'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' પ્રથમ પગલામાં મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેડૂતોએ પરિશ્રમ કરીને ઉત્પન્ન કરેલી કૃષિ ઉપજ વરસાદ-વાવાઝોડા જેવી કુદરતી આપત્તિના કારણે ખરાબ ન થાય, કૃષિ ઉત્પાદનની ગુણવત્તા જળવાઇ રહે, તેનો સંગ્રહ કરી શકે અને ભવિષ્યમાં તેના યોગ્ય ભાવ મળે ત્યારે તેને વેચી શકે તેવા હેતુથી પોતાના ખેતરમાં ન્યૂનતમ ૩૩૦ ચો.ફૂટ વિસ્તારમાં નાનું ગોડાઉન બનાવવા માટે આ યોજના અમલી બનાવી છે, જેથી જ્યારે યોગ્ય ભાવ મળે ત્યારે ખેડૂતો પાક બજારમાં વેચી પૂરતું વળતર મેળવી શકશે.

આ યોજના હેઠળ રાજ્યના તમામ ખેડૂતો લાભ લઇ શકે છે. લાભાર્થી ખેડૂતને ગોડાઉન બનાવવા કુલ ખર્ચના ૩૦ % અથવા રૂ. ૩૦,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે સહાય બે તબક્કામાં મળવાપાત્ર થાય છે, જેમાં પ્લીન્થ લેવલની કામગીરી પૂર્ણ થાય ત્યારે પ્રથમ હપ્તા પેટે રૂ.૧૫,૦૦૦ જ્યારે પાક સંગ્રહ ગોડાઉનની કામગીરી પૂર્ણ થયાની ચકાસણી બાદ બીજા હપ્તા પેટે રૂ.૧૫,૦૦૦ ચૂકવવામાં આવશે. લાભાર્થી ખેડૂતે પૂર્વમંજૂરી મળ્યા બાદ ૯૦ દિવસમાં ગોડાઉનનું બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. આ યોજના હેઠળ પાક સંગ્રહ ગોડાઉન બનાવવા રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૩૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ગોડાઉનના નિર્માણ થકી ખેડૂતો અંદાજે ૨૨ લાખ ટન જેટલી કૃષિ જણસ-ઉત્પાદનનો સંગ્રહ કરી શકશે. ચાલુ વર્ષે આ યોજના હેઠળ ૧ લાખ ૧૬ હજારથી વધુ અરજીઓનો ભૌતિક લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૦ની સ્થિતિએ આઇ-ખેડૂત પોર્ટલના માધ્યમથી મળેલી અરજીઓ પૈકી ૧,૧૬,૦૩૨ ગોડાઉન બનાવવા પૂર્વમંજૂરીઓ લાભાર્થી ખેડૂતોને આપવામાં આવી છે.

**કિસાન પરિવહન યોજના**

બીજા પગલામાં કિસાન પરિવહન યોજના હેઠળ ખેડૂતો તેમની કૃષિ ઉપજ-પાક પોતાના વાહનમાં સમયસર બજારમાં વેચવા જઇ શકે તે માટે આ યોજના અમલમાં મુકાઇ છે. ઉપરાંત ખેડૂતો માલવાહક વાહન ભાડે ફેરવીને પૂરક આવક મેળવીને વધુ આર્થિક પગભર બનશે. નાના, સીમાંત, મહિલા, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને કુલ ખર્ચના ૩૫% અથવા રૂ. ૭૫,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે, અન્ય ખેડૂતોને કુલ ખર્ચના ૨૫% અથવા રૂ. ૫૦,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે. જ્યારે ખાતાદીઠ પાંચ વર્ષમાં એક




વખત ખેડૂત લાભાર્થી આ લાભ લઈ શકશે, જેમાં પૂર્વમંજૂરી બાદ એટસોર્સ સહાય એટલે કે વાહનની કિંમતમાંથી સહાયની રકમ ખરીદી સમયે જ બાદ કરી ખેડૂતો દ્વારા ખરીદી કરી શકાશે. તેમાં પૂર્વમંજૂરી મળ્યા બાદ ૬૦ દિવસમાં વાહનની ખરીદી કરવાની રહેશે. ચાલુ વર્ષ માટે કુલ ચાર કંપનીનાં ૪૫ મોડલ એમ્પેનલ કરાયાં છે. એમ્પેનલ વાહનની વિગત આઇ-ખેડૂત પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે. કિસાન પરિવહન યોજના માટે કુલ ૮,૩૩૩ના ભૌતિક લક્ષ્યાંક સામે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૫૦ કરોડની જોગવાઇ કરાઇ છે. યોજના હેઠળ રાજ્યના તમામ ખેડૂતો લાભ લઇ શકે છે. ચાલુ વર્ષે આ યોજના હેઠળ આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન ૧૦,૨૫૦ અરજીઓ મળી છે તે પૈકી તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૦ની સ્થિતિએ કુલ ૮,૭૬૮ લાભાર્થીઓને સાધન ખરીદવા પૂર્વમંજૂરી અપાઇ છે.

**પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતને દેશી ગાય નિભાવ માટે સહાય**

ત્રીજા પગલામાં રાજ્યના તમામ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતને દેશી ગાય નિભાવ માટે સહાય આપવાનો નિર્ધાર કર્યો છે. આવનારા સમયમાં ગુણવત્તાયુક્ત અને રસાયણમુક્ત ખેતપેદાશ, સ્વસ્થ ખોરાક, જમીન અને પર્યાવરણ સુધારણા, ઓછો ખર્ચ વગેરે જેવા જરૂરી અભિગમ માટે પ્રાકૃતિક કૃષિ એક ઉત્તમ વિકલ્પના રૂપમાં સામે આવી છે, જેને વિશ્વના દેશો સ્વીકારતા થયા છે. આ યોજનાની પાત્રતામાં એક એકર એટલે ૪૦ ગુંઠા જમીનમાં પ્રાકૃતિક ખેતી માટે ખાતાદીઠ એક લાભાર્થીને સહાય આપવામાં આવે છે, જેમાં ખેડૂત ઓળખ ટેગવાળી દેશી ગાય ધરાવતો હોવો જોઇએ. આ ઉપરાંત માસ્ટર ટ્રેનર્સ પાસેથી અથવા પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલી હોવી જોઇએ, હાલમાં પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો અને તાલીમ આપનારને આ યોજનામાં પ્રાથમિકતા આપવામાં આવશે. ખેડૂત પરિવારને એક ગાય માટે નિભાવ ખર્ચ પેટે પ્રતિમાસ રૂ. ૯૦૦ એમ પ્રતિવર્ષ કુલ રૂ. ૧૦,૮૦૦ની સહાય આપવામાં આવશે. પ્રથમ તબક્કામાં માસિક રૂ.૯૦૦ લેખે ત્રિમાસિક રૂ. ૨૭૦૦ની રકમ ખેડૂત લાભાર્થીના બેંક ખાતામાં RTGS/DBTથી સીધી જ જમા કરવામાં આવે છે. આ



યોજનામાં કુલ ૧,૦૫,૦૦૦ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે કુલ રૂ. ૬૬.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જેમાં આઇ-ખેડૂત પોર્ટલ દ્વારા મળેલી અરજીઓ પૈકી તા. ૧૩ ઓક્ટોબર, ૨૦૨૦ની સ્થિતિએ ૪૬,૬૮૫ લાભાર્થીઓને ગાય નિભાવ પેટે રૂ. ૧૨.૬૦ કરોડની રકમ ચૂકવવામાં આવી છે.

**પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત બનાવવા સાધન-કિટ સહાય**

જ્યારે ચોથા પગલામાં દેશી ગાયનાં છાણ-ગૌમૂત્રમાંથી પ્રાકૃતિક કૃષિપદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા લાભાર્થીઓને કૃષિ કિટ આપવામાં આવે છે, જેમાં ખેડૂત જાતે ખેતરમાં જીવામૃત અને અન્ય પ્રાકૃતિક જંતુનાશક તૈયાર કરે છે. જીવામૃત તૈયાર કરવા ૨૦૦ લિટરનું ડ્રમ, ૧૦ લિટર ક્ષમતાનાં પ્લાસ્ટિકનાં બે ટબ, ૧૦ લિટરની એક ડોલ જેવી સાધન સામગ્રીનો સમાવેશ થાય છે. આ પ્રાકૃતિક કૃષિ કિટનો રાજ્યના તમામ જિલ્લામાં દેશી ગાય ધરાવતા અને પ્રાકૃતિક ખેતી કરતા ખાતાદીઠ એક ખેડૂતને લાભ આપવામાં આવે છે, જેમાં પ્રાકૃતિક કૃષિ કિટમાં ૭૫% અથવા રૂ. ૧૨૪૮માંથી જે ઓછું હોય તે સહાય આપવામાં આવે છે. આ યોજના માટે એક લાખ લાભાર્થીઓને લાભ આપવાના લક્ષ્યાંક સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૩.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આઇ-ખેડૂત પોર્ટલના માધ્યમથી મળેલી અરજીઓ પૈકી ૭૭,૨૬૮ અરજીઓની પ્રાથમિક મંજૂરી આપવામાં આવી છે.

**શેરી પાથરણાંવાળા અને ફળ-શાકભાજી વિક્રેતાઓને વિનામૂલ્યે છત્રી**

જ્યારે પાંચમા પગલામાં નોંધાયેલા રોડ ઉપર ફળ-શાકભાજી વિક્રેતા તેમજ શેરી પાથરણાંવાળાને "ગુજરાત સરકારનો છાંયડો" એટલે વિનામૂલ્યે છત્રી આપવાનો સમાવેશ કરાયો છે. આ યોજના અંતર્ગત લારીમાં વેચાતાં ફળફળાદી, ફૂલ, શાકભાજી બગડી જવા સામે રક્ષણ મળશે. રોડ સાઇડ પર ખુલ્લી જગ્યામાં ફળ-ફૂલ, શાકભાજી તથા નાશવંત કૃષિપેદાશો વેચનારા નાના વેચાણકારોને ગરમી, ઠંડી, વરસાદથી રક્ષણ મળે સાથે છાંયડામાં સરળતાથી વેપાર કરી શકશે.

આ પગલાંથી શિયાળા, ઉનાળા અને ચોમાસાની ઋતુમાં શાકભાજી, ફળ-ફળાદીનો વેપાર કરનારા નાના વેચાણકારોના માલનો બગાડ અટકશે, તડકો-વરસાદ નડશે નહીં, જેના પરિણામે તેમના આર્થિક ઉપાર્જનમાં વધારો થશે. વોટરપ્રૂફ અને પોલિસ્ટર-કોટન સામગ્રીથી સજ્જ અંદાજે રૂ. ૧૫૦૦ કિંમત ધરાવતી છત્રી વિનામૂલ્યે આપવામાં આવે છે. આ યોજનામાં અંદાજે ૬૭,૦૦૦ છૂટક વેચાણકારોને કુટુંબદીઠ પુખ્તવયની એક વ્યક્તિને વિનામૂલ્યે છત્રી આપવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે, જેના માટે રૂ. ૧૦ કરોડની નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૦ની સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી ૩૩,૩૨૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા માટે રેશનકાર્ડ અને આધારકાર્ડની નકલ, ગ્રામ્ય વિસ્તારમાં ફળ-ફૂલ, શાકભાજી તથા નાશવંત કૃષિ પેદાશોનું છૂટક વેચાણ કરતા હોવા અંગેનો સેજાના ગ્રામ સેવકનો દાખલો તેમજ શહેરી વિસ્તારમાં ગુજરાત અર્બન લાઇવલી હૂડ મિશન દ્વારા ઇશ્યૂ કરાયેલ ફળ-ફૂલ,





શાકભાજી તથા નાશવંત કૃષિપેદાશોનું છૂટક વેચાણ કરતા હોવા અંગેનું ઓળખપત્ર જરૂરી છે.

**સ્માર્ટ હેન્ડ ટૂલ્સ કિટ સહાય**

ખેડૂત કલ્યાણના છઠ્ઠા પગલામાં સરકારે નાના સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોની ચિંતા કરી છે. સ્માર્ટ હેન્ડ ટૂલ્સ કિટ સહાય યોજનામાં નાના-સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોને ઓછા શ્રમે વધુ કામ થઈ શકે તે માટે સાઇન્થ, એક હાથ ઓરણી, વ્હીલ બેરો, સીડ ડીબલર, વ્હીલ હો ઓટોમેટિક ઓરણી, ફ્રૂટ કેચર, ફ્રૂટ કટર, સી કટર, વેજિટેબલ પ્લાન્ટર, પેડી વિડર, પેડી પેડલ થ્રેસર, કોઇતા, સુગરકેન બડ કટર, પ્રુનિંગ શો, અનવીલ ટ્રી બ્રાન્ચ લુપર, એડ્જસ્ટેબલ ટ્રી લુપર, વ્હીલ હો (ડબલ વ્હીલ) - કિટ્સ સાથે અને મેન્યુઅલ પેડી સીડર જેવાં આધુનિક સાધન આપવામાં આવશે.

આ પગલાંથી નાના ખેડૂતો અને ખેતમજૂરો ઓછા પરિશ્રમે વધુ કામ કરીને વધુ આવક મેળવી શકશે. આ યોજના હેઠળ રાજ્યના સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોને કુલ ખર્ચના ૯૦% સહાય અથવા રૂ. ૧૦,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે રકમની મર્યાદામાં એટસોર્સથી "સ્માર્ટ હેન્ડ ટુલ્સ કિટ" આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા ૮-અ મુજબ એક હેક્ટર સુધીની જમીન ધારણ કરતા સીમાંત ખેડૂત તથા ખેતી કામ કરતા ખેતમજૂરોને, સીમાંત ખેડૂતને ૮-અ ખાતાદીઠ એક વાર અને ખેતમજૂરને કુટુંબદીઠ એક વાર લાભ મળવાપાત્ર છે. લાભાર્થી ખેડૂતે મંજૂરી બાદ ૯૦ દિવસમાં ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. ગાંધીનગરનાં માન્ય એગ્રો સેન્ટર ખાતેથી એટસોર્સથી સહાય બાદ કરી કિટની ખરીદી કરી શકશે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે ૨૦,૦૦૦ સીમાંત ખેડૂતો-ખેતમજૂરોને લાભ આપવાના લક્ષ્યાંક સામે રૂ. ૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા તા. ૧૩ ઓક્ટોબરની સ્થિતિએ આઇ-ખેડૂત પોર્ટલ પર મળેલી અરજીઓ પૈકી ૯,૫૯૩ અરજીઓને પૂર્વમંજૂરી અપાઇ છે.

**જંગલી પ્રાણીઓથી પાક રક્ષણ માટે કાંટાળી વાડ બનાવવા:**

ખેડૂત કલ્યાણ માટેના અંતિમ સાતમા પગલામાં મુખ્યમંત્રીએ ખેડૂતના ઊભા પાકની ભૂંડ, રોજડાં જેવાં જંગલી પશુઓથી બચાવવાની ચિંતા કરીને ખેતરની આજુબાજુ કાંટાળી વાડ બનાવવા સહાય યોજના જાહેર કરી છે, જેમાં ખેડૂતો પાસેથી મુખ્યમંત્રીએ પ્રત્યક્ષ અભિપ્રાય મેળવીને વાડ બનાવવા અગાઉ જે ૧૦ હેક્ટરની મર્યાદા હતી તે હવે ઘટાડીને પાંચ હેક્ટર કરી છે. આ સિવાય પ્રતિમીટર અપાતી રૂ. ૧૫૦ની સહાય વધારીને રૂ. ૨૦૦ કરવામાં આવી છે.

આ પગલાંઓથી ગુજરાતમાં સાચા અર્થમાં કૃષિ આધારિત સમૃદ્ધિ આવશે. તેની સાથે-સાથે ગામડાં સમૃદ્ધ થશે, તેના આધારે શહેરો અને દેશ સમૃદ્ધ થશે. પ્રધાનમંત્રી આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું જે ભગીરથ સ્વપ્ન સેવ્યું છે તેને ગુજરાત દ્વારા શરૂ કરાયેલી આ સાત પગલાં ખેડૂત કલ્યાણની યોજના ચોક્કસ નવું બળ પૂરું પાડીને લક્ષ્ય પ્રાપ્તિમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત અમલી સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજનાની વધુ માહિતી અને તેનો લાભ લેવા https://ikhedut.gujarat.gov.in/ અથવા સંબંધિત જિલ્લાના ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.

લેખક ગુજરાત સરકારમાં કૃષિ, ગ્રામ વિકાસ અને વાહન વ્યવહાર વિભાગના કેબિનેટ મંત્રી છે.